# (D - 99) સ્વર્ણપુરીમાં મુમુક્ષુઓનો મેળો

સ્વર્ણપુરીમાં મુમુક્ષુઓનો મેળો આજ ભરાયો,
સૂર્યકીર્તિ પ્રભુ આજ પધાર્યા, સૌના હૈયા હરખ્યા,
પ્રભુને જોતાં અહીંયા રે, સૌના મનડા આજે મોહ્યાં.....૧

મુદ્રા સૌમ્ય અનુપમ સોહે, સૂર્યકીર્તિ પ્રભુજીની,
પલભર ત્યાંથી નૈના આજે, દૂર ખસે ના જરાયે,
ભાન ભૂલીને ભક્તો સૌ પ્રભુજી સન્મુખ નાચે આજ.....૨

અમ હૈડાના હાર પ્રભુજી, વસ્યા છો અંતરમાંહી.
એકપળ પણ જાવા નહીં દઉં રે, તમને અંતરમાંથી,
પ્રભુજી અમજીવન આધાર, અમભક્તોના તારણહાર...૩

આ નગરના ભાગ્ય ખૂલ્યા છે, પગલા તારા થાતાં,
દર્શન તારા કરતા સૌ કોઈ, બાંધે સુખના ભાથાં,
પ્રભુજી મહિમા શું હું ગાઉં, તારા ગુણ અનંતા ગાઉં....૪

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250